**// આંક ઃ– ૧ લગત હુકમ //**

(૦૧) આ કામના અરજદાર/આરોપી સામે પાટણ સીટી " એ " ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી નં. ૧૧૨૧૭૦૧૯૨૬૦૦૪૪/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪), ૩૧૭(૨)(પાટણ કોર્ટ ક્રિમી. કેસ નં. ૮૭૮/૨૦૨૬) મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનાના કામે અરજદાર/આરોપી જ્યુડી. કસ્ટડીમાં હોઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩ મુજબ ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન મેળવવા માટે ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૨૮૨/૨૦૨૬ ની દાખલ કરેલ અને સદર અરજીના કામે અત્રેની અદાલત દ્ધારા અરજદાર/આરોપીને તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ રૂ.૨૫,૦૦૦/– ના સદ્ધર જામીન અને તેટલીજ રકમનો જાત મુચરકો આપ્યેથી શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. અરજદાર/આરોપીએ હાલની અરજી આપી અરજદાર/આરોપી ગરીબ વર્ગના હોઈ અને તેઓના જામીન તેના પિતા, કુટુંબી તેમજ મિત્રો જામીન થઈ શકે તેમ નથી. અરજદાર/આરોપી ઘણા લાંબા સમયથી જેલમાં હોઈ તેમજ અરજદાર/આરોપીને જામીન મળી ચુક્યા છે, પરંતુ કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી નથી અને પૈસાના અભાવે જામીન ઉપર મુક્ત થઈ શકે તેમ નથી. નામ. સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ આરોપી ગરીબ વર્ગનો હોય અને જામીન આપી શકતા ન હોય અને તે પૈસાના અભાવે જામીન ઉપર મુક્ત થઈ શકે તેમ ન હોઈ તેને જામીન ઉપર છોડવામાં ન આવે તો તેની સ્વતંત્રતા છીનવાઈ જાય અને ગરીબ વ્યક્તિ ન્યાયથી વંચીત રહેવાનું કારણ ન બને તેમજ યુ.ટી.આર.સી.ની ગાાઈડ લાઈન મુજબ પણ આરોપીને જાત જામીન ઉપર મુક્ત કરવા જોઈએ. અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ટ્રાયલ દરમિયાન હાજર રહેશે. અરજદાર/આરોપી કાયમી રીતે પાટણ મુકામે રહે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. જેથી આ કામના અરજદાર/આરોપીને જાત જામીન ઉપર મુક્ત કરવા માટે હાલની અરજી દાખલ કરી દાદ માંગેલ છે.

(૦૨) આ કામે અરજદાર/આરોપીની અરજી વંચાણે લીધી. આ કામના અરજદાર/આરોપીને અત્રેની અદાલત દ્વારા અગાઉ ક્રિમી. પરચુ. અરજ નં. ૨૮૨/૨૦૨૬ ના કામે રૂ.૨૫,૦૦૦/– ના સદ્ધર જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા ઉપર મુક્ત કરવામાં આવેલ હતા. આ કામે અરજદાર/આરોપી તરફે તેઓ ગરીબ વર્ગના હોઈ અને જામીન આપી શકે તેમ ન હોઈ જાત જામીન ઉપર મુક્ત થવા હાલની અરજી કરેલ છે. આ કામના અરજદાર/આરોપી હાલ પાટણ મુકામે રહેતા હોવાનું અને ત્યાંના કાયમી વતની હોવાનું જણાઈ આવતું હોઈ તેઓને જાત જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો નાસી ભાગી જવાની શક્યતા હોઈ અને તેથી સદર ગુનાના કેસની ટ્રાયલ વિલંબમાં પડે તેવી સંભાવના હોવાનું જણાઈ આવે છે. વધુમાં અરજદાર/આરોપીની અરજી અનુંસંધાને પોલીસ અભિપ્રાય મંગાવવામાં આવેલ છે. જેમાં અરજદાર/આરોપી ગુનાઈત ઈતિહાસ ધરાવતા હોઈ જાત મુચરકા ઉપર છોડવામાં આવે તો મુદતે હાજર રહેવાની શકયતા નહીંવત છે તેમજ બહાર નીકળી ફરી મિલકત સંબંધી અન્ય ગુના આચરે તેમ હોઈ જાત મુચરકા ઉપર મુક્ત ન કરવા જણાવેલ છે. વધુમાં સદર પોલીસ અભિપ્રાય સાથે અરજદાર/આરોપીના પિતા દિનેશભાઈ કાંતીલાલ મોદીનું નિવેદન રજુ થયેલ છે. જે નિવેદન વંચાણે લેતા અરજદાર/આરોપીના પિતાએ તેઓનો દિકરો એટલે કે આરોપી અવારનવાર ચોરી કરવાની ટેવવાળો હોય જેથી તેઓ જામીન થવા માંગતા નહીં હોવાનું તેમજ અરજદાર/આરોપી જામીન મુક્ત થયેથી કોર્ટમાં મુદતે હાજર રહેશે કે કેમ તેની તેઓ કોઈ બાંહેધરી લેતા નથી તેવું જણાવેલ છે. આમ, અરજદાર/આરોપીના પિતાએ પણ તેઓ અરજદાર /આરોપીના જામીન થવા માંગતા નહીં હોવાનું જણાવેલ છે. આમ, સદર હકીકત તથા સંજોગો ધ્યાને લેતા અરજદાર/આરોપીને જાત જામીન ઉપર છોડવાનું ઉચિત જણાતું ન હોઈ, પરંતુ આ કામના અરજદાર/આરોપીની આર્થિક સ્થિતિ નબળી હોઈ, ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૨૮૨/૨૦૨૬ ના કામે જે સદ્ધર જામીનની રકમનો હુકમ કરેલ છે તે રકમમાં ફેરફાર કરવાનું અત્રેની અદાલતને વ્યાજબી અને ન્યાયોચિત જણાતું હોઈ, આ કામના અરજદાર/આરોપીની અરજી અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

(૧) સદર કામના અરજદાર/આરોપીને ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૨૮૨/૨૦૨૬ ના કામે રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સદ્ધર જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા આપ્યેથી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ તેમાં ફેરફાર કરી રૂ.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સદ્ધર જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા આપ્યેથી રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ સિવાય ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૨૮૨/૨૦૨૬ ના કામે કરવામાં આવેલ અન્ય હુકમ તથા શરતો યથાવત રાખવાનો પણ હુકમ કરવામાં આવેલ છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪/૦૬/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
**સેશન્શ જજ,**
**પાટણ.**
**( Judge U.I.Code No. GJ 00524 )**

( BKP )